અપીલ અરજી નં.૬૬ તા.૬–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા,ઉધનાઝોન)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૪–૪–૧૧ ની અરજીથી સુ.મ.પા.ના પ્રત્યેક ઝોનની અંદર આવતી વોર્ડ ઓફિસોમાં સને ૨૦૦૯ નાં વર્ષમાં ૨૪ / ૪૮ કલાકમાં નિકાલ કરવાની ફરીયાદ બાબતની માહિતિ ફકત અઠવાઝોનની મળેલ છે બાકીના ઝોનની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૬–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૬/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૪–૪–૧૧ ની અરજીથી સુ.મ.પા.ના પ્રત્યેક ઝોનની અંદર આવતી વોર્ડ ઓફિસોમાં સને ૨૦૦૯ નાં વર્ષમાં ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની ફરીયાદ બાબતની માહિતિ ફકત અઠવાઝોનની મળેલ છે બાકીના ઝોનની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે માંગેલ માહિતિ કોમ્પ્યુટરમાં ફરીયાદ નિવારણ પોગ્રામમાં નોંધાયેલ છે કે કેમ? તેના પ્રિન્ટ છે કે કેમ? રજીસ્ટર આધારે સામયિક પત્રકો પરથી એવી માહિતિ ઉપલબ્ધ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૭ તા.૧૩–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા,ઉધનાઝોન) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ,કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૭ તા.૧૩–૫–૧૧થી અપીલ અરજીમાં પક્ષકાર જાહેર માહિતિ અધિકારી માત્ર વરાછા દર્શાવેલ છે જયારે માહિતિ પ્રત્યેક ઝોનની જણાવેલ છે. તબદીલી તેમની જાણ હેઠળ હોય તો વિગતો રજુ કરવા જણાવવામાં આવેલ. સાથે અન્ય ઝોનના જાહેર માહિતિ અધિકારીઓ તરફથી માહિતિ મળેલ હોય તો તે વિગતો નારાજગીના આધાર સહિત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૯૧ તા.૨૭–૫–૧૧ ના પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૪૩૬ તા.૨૨–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જે અરજદારની ૧૫–૧૨–૧૦ ની અરજીથી માંગેલ સરખી માહિતીના અનુસંધાને આપેલ જણાય છે. પરંતુ અરજદારની તા.૪–૪–૧૧ ની અરજી અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવ્યાનું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩ તા.૬–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજી સંદર્ભે અરજદારને પૂરી પાડેલ માહિતી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪ તા.૪–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૫૭ તા.૨૪–૫–૧૧ થી પૂરક વિગતોમા અરજદારની મુળ અરજીની નકલ તેમજ સરખા વિષય વસ્તુ અંગે અરજદારને ૧૫–૧૨–૧૦ અરજી અન્વયે આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૫૯૬ તા.૧૨–૧–૧૧ ના પત્રની નકલ તથા એન.ઝેડ/૭૭૮૯ તા.૧૬–૩–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૬ તા.૨૩–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને સરખા વિષય વસ્તુ બાબતે તા.૧૫–૧૨–૧૦ ની અરજી અન્વયે આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૬૦ તા.૧૨–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૦૦ તા.૨–૬–૧૧ ના સરખા વિષય વસ્તુ બાબતે પૂરક વિગતોના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૨૬ તા.૧૦–૬–૧૧ થી પૂરક વિગતોમાં સા.ઝોન/આરોગ્ય/૧૧૪ તા.૨–૫–૧૧ ના પત્રની નકલ મળેલ છે. સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૪–૪–૧૧ ની અરજીથી સુ.મ.પા.ના પ્રત્યેક ઝોનની અંદર આવતી વોર્ડ ઓફિસોમાં સને ૨૦૦૯ નાં વર્ષમાં ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની ફરીયાદ બાબતની માહિતિ અરજી અરજદારે પ્રત્યેક ઝોનમાં કરેલ છે પરંતુ સુમપાના સાત ઝોનમાંથી અઠવાઝોનને બાદ કરતાં છ ઝોને વિસ્તૃત માહિતીના ખોટા બહાના હેઠળ માહિતી આપેલ નથી. અઠવાઝોનની વિસ્તૃત માહિતી હોવા છતાં અરજદારને રજીસ્ટર ઉપર નોંધાયેલ ફરીયાદની રેકર્ડ પરની ઝેરોક્ષ નકલ ૧૬૦૦ કોપી માહિતી અરજદારને પહોંચાડી છે આમ સાત ઝોનમાંથી અઠવાઝોને માહિતી આપેલ છે બાકીના છ ઝોનને માહિતી અધિકારના કયા અધિનિયમ મુજબ અરજદારને માહિતી આપી નથી એની માહિતી આપવા બાબત.

સુમપાના પ્રત્યેક ઝોનને માહિતી અધિકાર મારફત માંગેલી માહિતી આપવાની જોગવાઈ છે કે નથી? એની માહિતી તેમજ તા.૧૨–૧૧–૧૦ ના રોજથી અરજદાર બાર બાર દરેક મહીને માહિતી મળી નથી એ બાબતની અરજી કરે છે અને એ બાબતે જાહેર માહિતી અધિકારીએ સળંગ મહીનામાંથી વિસ્તૃત માહિતીના ખોટા બહાના કરી અરજદારને આરોગ્ય અધિકારીની કચેરીએ આવી રજીસ્ટર તપાસી જવા માટે જવાબમાં અરજદારને ફરજ પાડવામાં આવે છે. આવી કયા કાયદામાં જોગવાઈ છે એની માહિતી આપો. સાત ઝોનમાંથી અઠવાઝોનની વિસ્તૃત માહિતી હોવા છતાં અરજદારને માહિતી આપવામાં કોઈ વાંધો નથી ? તો બાકીના છ ઝોનને અરજદારને માહિતી આપવામાં બાકીના માહિતી અધિકારીઓને કયો કાયદો નડે છે એની સંપૂર્ણ માહિતી બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩ તા. ૪–૫–૧૧ થી પૂર્વઝોન (વરાછા) ના તમામ વોર્ડ ઓફિસોમાં સને ૨૦૦૯ ના તા.૧–૧–૦૯ થી તા.૩૧–૧૨–૦૯ સુધીના સમયગાળામાં ૨૪/૪૮ કલાકની ફરીયાદોમાં ૨૪ કલાકની ફરીયાદો કુલ ૯૧૬૮ તેમજ ૪૮ કલાકની ફરીયાદ કુલ ૩૨ ફરીયાદો મળી છે. તેનો નિકાલ કરવામાં આવેલ છે. પેન્ડીંગ ફરીયાદ નથી. આ ફરીયાદોની વિગત વોર્ડ ઓફિસમાં રાખેલ રજીસ્ટરમાં આવી તપાસ કરી અને તમને જોઈતી માહિતી વોર્ડ ઓફિસમાંથી ઝેરોક્ષ કરીને આપવામાં આવશે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૯૧ તા.૨૭–૫–૧૧ ની પૂરક વિગતોમાં અરજદારને નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૪૩૬ તા.૨૨–૩–૧૧ થી પાના નંગ–૧૬૦૦ પુરા પડાયેલ હોઈ અરજદારને તે બાબતે કોઈ તકરાર નથી. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સરખા વિષય વસ્તુની એન.ઝેડ/આ.નં.૬૫૯૬ તા.૧૨–૧–૧૧ થી સદર વોર્ડના ૨૦૦૯ ની વોર્ડ વાઈઝ ૨૪/૪૮ કલાકની અરજીઓ અને તેના નિકાલની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે નકલો બાબતે એન.ઝેડ/આ.નં.૭૭૮૯ તા.૧૬–૩–૧૧ ના પત્રથી આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) ની જોગવાઈ જણાવી તપાસણી કરવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી સરખા વિષય વસ્તુ બાબતે પૂરક વિગતોમાં પત્ર નં.એન.ઝેડ/૬૬૦ તા.૧૨–૧–૧૧ થી કુલ ૧૧ વોર્ડની ૨૦૦૯ ની ૨૪/૪૮ કલાકની કુલ ૧૭,૦૯૮ ફરીયાદ નોંધવામાં આવેલ છે અને તે તમામ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે રજીસ્ટરના પાનનો વધુ જથ્થો હોઈ રાંદેરઝોન ખાતે નિરીક્ષણ કરી જવા જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સરખા વિષય વસ્તુ બાબતે પૂરક વિગતોમાં તા. ૩૦–૪–૧૧ ના રોજ ઈન્સ્પેકશન કરી જવા જણાવેલ છે. જયારે ઉધનાઝોન તરફથી પૂરક વિગતોમાં સા.ઝોન/આરોગ્ય/૧૧૪ તા.૨–૫–૧૧ પત્રથી આંકડાકીય માહિતી પૂરી પાડી નકલો બાબતે નિરીક્ષણ કરી જવા જણાવામાં આવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન સિવાયના બધા જ ઝોન તરફથી સરખા વિષય વસ્તુ બાબતે ૨૪/૪૮ કલાકની ફરીયાદની નોંધણી તથા તેના નિકાલ અંગેની વિગતો અરજદારની જુદી જુદી અરજીઓ સંદર્ભે પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારને તા.૪–૪–૧૧ ની અરજી સંદર્ભે ફકત વરાછાઝોન તરફથી જ તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અઠવાઝોન તરફથી પણ માહિતી મળેલ હોવાનું અરજદારે મુળ અરજીમાં જણાવેલ હોઈ તે સિવાયના તમામઝોને આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ દરેક અરજી સ્વતંત્ર હોઈ અરજદારને તેમની અરજીના સંદર્ભે અલાયદી માહિતી પૂરી પાડવાની રહે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે તા.૪–૪–૧૧ ની અરજીથી માત્ર માહિતી આપવામાં કયા કાયદા નડે છે? તેટલી જ વિગતો માંગેલ છે.

અરજદારની અપીલમાં સદર અરજી તા.૪–૪–૧૧ ના સંદર્ભે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજીકરેલ છે. વધુમાં અઠવાઝોન તરફથી માહિતી મળેલ હોઈ તે અંગે અરજદારને કોઈ તકરાર નથી. જયારે વરાછાઝોન તરફથી અરજદારને તા.૪–૪–૧૧ ની અરજીના સંદર્ભે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અને નકલો બાબતે વોર્ડ ઓફિસમાં રજીસ્ટરોની તપાસણી કરી જોઈતી નકલો મેળવવા જણાવવામાં આવેલ છે. આમ સરખા વિષય વસ્તુ બાબતે સેન્ટ્રલઝોન સિવાયના તમામ ઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિરીક્ષણ મેળવી ખપ પૂરતી નકલો મેળવવા જણાવેલ છે પરંતુ અરજદાર તરફથી તમામ રેકર્ડની નકલોની માંગણી કરવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવવામાં આવેલ કાયદાકીય જોગવાઈ આરટીઆઈ એકટની કલમ–૭(૯) સાથે આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈ મર્યાદિત નાણાકીય સંશાધનોનો મહત્તમ ઉપયોગ તથા સરકારનું કાર્યક્ષમ સંચાલનની બાબત ધ્યાને લેતાં તપાસણી કરી માહિતી , યાદી, ઉતારો કે નકલ મેળવવા જણાવેલ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત છે. વરાછાઝોન સિવાયના અન્ય તમામઝોને અરજદારને તા.૪–૪–૧૧ ની સદર અરજી સંદર્ભે માહિતી પૂરી પાડેલ ન હોઈ તે અંગે માહિતી પૂરી પાડવાની રહે. અન્યથા અગાઉ આપેલી માહિતીનો સંદર્ભ ટાંકીને વિગતો જણાવવાની રહે.

આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ જાહેર માહિતી અધિકારીના તપાસણીનો પ્રસ્તાવ સાથે બીપીએલ અરજદાર તેમજ વ્યાપક સ્વરૂપની માંગેલ માહિતીનું ફલક જોતાં સરકારશ્રીનું કાર્યક્ષમ સંચાલન સાથે મર્યાદિત નાણાકીય સંશાધનોનો મહત્તમ ઉપયોગની જોગવાઈને પણ ધ્યાનમાં લેવામાં આવે તો સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન મુજબ અરજદારને આપવામાં આવેલી આંકડાકીય માહિતી જોતાં અઠવાઝોન તરફથી પાના નંગ–૧૬૦૦, કતારગામઝોન તરફથી પાના નંગ–૧૪૦૦, ઉધનાઝોન તરફથી પાના નંગ–૩૬૦૦, વરાછાઝોન તરફથી પાના નંગ–૧૬૦૦, વેસ્ટઝોન તરફથી વધુ જથ્થો હોવાનો તથા લીંબાયત અનેસેન્ટ્રલઝોન તરફથી નિરીક્ષણમાં કોઈ જથ્થો જણાવેલ નથી. સમગ્ર હકીકત જોતાં સને ૨૦૦૯ ની ૨૪/૪૮ કલાકની ફરીયાદોની વિગતના પાના ૮૨૦૦ ઉપરાંત અન્ય ત્રણ ઝોનની પ્રમાણસર માત્રાનો વિપુલ જથ્થાને ધ્યાને રાખતાં પાના દીઠ રૂા.૨/– લેખે ગણાતા હજારોની સંખ્યાની માતબર રકમ થાય. આમ સુરત મહાનરપાલિકાના નાણાકીય સ્ત્રોતને વ્યાપક પ્રમાણમાં અસર થવા પામે તેમ છે. જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ આંકડાકીય માહિતી પૂરી પાડી બીપીએલ કાર્ડ ધારકને આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ નિરીક્ષણનો પ્રસ્તાવ છે તે આરટીઆઈ કાયદા તથા તેના આમુખથી કરેલ જોગવાઈ સાથે સુસંગત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તમામઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ "રજીસ્ટર તપાસણીમાં જોવા માટે કયા કાયદામાં જોગવાઈ છે? માહિતી અધિકારીઓને માહિતી આપવામાં કયા કાયદાનો બાધ નડે છે? માત્ર તે અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ ૭–(૫) હેઠળ અત્રેની જાણ હેઠળ દિન – ૭ માં અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી તમામઝોનને જણાવવામાં આવે છે. વધુમાં અરજદાર સરખા વિષય વસ્તુ બાબતે તેમની તા.૧૫–૧૨–૧૦ ની માહિતી માંગતી અરજી અંગે જાહેર માહિતી અધિકારીઓ તરફથી કરવામાં આવેલ આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ પ્રસ્તાવનો સ્વીકાર કરી આરટીઆઈ આઈ એકટની કલમ–૭(૫) હેઠળ તપાસણી કરી ખપ પૂરતી નકલો મેળવવા સ્વતંત્ર છે.

( પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારીઓ (તમામઝોન) ને ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ